# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૩૫ • તા.૧૦ ડિસેમ્બર થી ૧૬ ડિસેમ્બર ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## અચગચ્છાધિપતિ ગુરૂદેવ

## પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ને ૭૦મા જન્મદિને ખુબ ખુબ વધાઈ



અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને
૭૦મા જન્મદિવસની
ખુબ ખુબ શુભકામના
માતુશ્રી ધનબાઈ રાયચંદ રતનશી કારાણી પરિવાર
ગામ સુથરી - હાલ મુલુંડ
karani
insurancekhoj@gmail.com • 9004999900
# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.
MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ

ધર્મશાસ્ત્રો કહે છે કે શુભનું ચિંતવન કરો. સારું બોલો, સારું સાંભળો અને સારું કાર્ય. થાય એવું નજર સમક્ષ રાખો તો આપો આપ સારું, શુભ થાય છે. તો આપણે કલ્પીએ તેવું જરૂર થાય. જેવું આપણે ઈચ્છીએ એવું પામીએ છીએ. વસ્તુ પ્રાપ્તિ હોય કે કોઈ વસ્તુનો અભાવ હોય. બંન્ને પરિસ્થિતિમાં સમાન ભાવ રાખો. આત્મસંતોષ એ મોટી મનની મોટી ઉપલબ્ધિ છે. સુખ હોય કે દુ:ખની ઘડી સમભાવ રાખીએ તો જે કપરો સમય હોય એ પણ આસાનીથી વિતી જાય છે. ક્યારે સમય, ઘડી પસાર થઈ ગઈ એની ગત પડતી નથી. અન્યો તરફ નજર રાખી જીવવાથી માત્ર અસંતોષ અસુયા પ્રાપ્ત થાય છે આત્મસંતોષ મળતો નથી. આપણી પરિસ્થિતિ આપણી પોતાની છે. જેને કેવી રીતે જીવવી એ આપણો પોતાનો અધિકાર છે. આપણા સંજોગો, આપણો સારો નરસો સમય અન્યોને માટે કંઈ લેવા દેવાનો હક આપતો નથી. એવી જ રીતે બીજાઓ કઈ રીતે જીવે, કઈ રીતે રહે જીવન પસાર કરે એ તેમનો આગવો અધિકાર છે. દરેક એ પોતપોતાની મરજીથી, પોતાની સાન, ભાન અને સમજણથી જ જીવતો હોય છે. બીજાની ચિતા કરવી એ આપણી ચિંતા તૈયાર કરવા જેવી વ્યવસ્થા છે.

આપણે આપણી રીતે જીવીએ બીજાની ચિંતા, ફિકર કરવાની જરૂર નથી. લોકો શું કહેશે, શું માનશે એની ફિકર કરવા કરતાં આપણને અનુકૂળ લાગે એ રીતે જીવીએ. આપણા સુખનો, આનંદનો ખ્યાલ રાખીએ તો આખરે જીવનનો આનંદ જરૂરથી માણી શકીએ. દંભ અને દેખાવ એ તો માણસ માત્રના મુખવટા છે. આ મુખવટા હટાવી દઈએ તો કશું છુપાવવાનું ન રહે.

જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ. જેવી આપણી નજર એવા દ્રશ્ય આપણને દેખાવવાના છે. જગતમાં બધું શુભ અને સુખમય સારું રહે જો આપણે એવા હોઈએ. આપણા વિચાર સારું જોવાના હોય તો દરેકે દરેક પ્રસંગ સારા પસાર થવાના છે. આપણી નજર જો સારું જોવાની ટેવાયેલી ન હોય તો કશું સારું દેખાશે નહીં. કોઈ વ્યક્તિ સંપૂર્ણ નથી. સર્વ ગુણ સંપન્ન નથી. દરેક વસ્તુ કે વ્યક્તિના બે પાસા હોવાના. ગમે તેવો સારો માણસ હોય તેનામાં કંઈક તો સારું હોવાનું જ અને ગમે તેટલો સારો વ્યક્તિ હોય તેના સ્વભાવમાં, વિચારોમાં આચાર કે વ્યવહારમાં કાંઈ દોષ કે ખામી હોવાની. કોઈનામાં સારું જોવાની આપણી આદત હશે તો ગમે તેવા કાદવ કે કીચડમાં કમળ મળી જાય એમ અતિ અધમ વ્યક્તિમાં પણ સારપ મળવાની સારું શોધનારને સારું જ મળશે કોઈની ખરાબી નજરે નહીં જ આવે.

કેટલી વ્યક્તિઓનું ઊંડાણ જ એવું હોય છે જે બીજાના ગુણને જોઈ શકતા નથી. તેને માત્ર ને માત્ર અવગુણ જ દેખાતા હોય છે. બીજાઓની ભૂલો, ક્ષતિઓ અને ઉણપો જલદી નજરે પડે છે. આપણે જેવા હોઈએ તેવા બીજાને જોઈ શકીએ છીએ. આપણે આપણો સ્વભાવ સુધારી લઈએ તો કશી મુશ્કેલી નથી. આપણા મન અને સ્વભાવ પર સુખ, દુ:ખનો આધાર છે. સમય કેવો હોય કોઈ વ્યક્તિ પર નિર્ભર નથી. દુ:ખ આપણું પોતાનું સર્જન છે. કષ્ટ શારીરિક છે જ્યારે દુ:ખ માનસિક અવસ્થા છે. એટલે કેવી સૃષ્ટિ આપણને જોવા મળશે એ આપણી દ્રષ્ટિ નક્કી કરે છે.

– જય જ્ઞાતિમૈયા



શીઘ્રકવિ, શાસન સમ્રાટ, ભારત દિવાકર
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રીગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
સળંગ ૫૩મા વર્ધિતપારાધક તપચક્ર ચક્રવર્તિ,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
સૌના લાડીલા
અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. ને
૭૦ જન્મદિવસની શુભકામના
નીશિથ આનંદ દંડ
Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services

# ક્રોધ અને લોભ : એક સિક્કાની બે બાજુ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ક્રોધ એટલે ધગધગતો જવાળામુખી, ક્રોધ આવે ત્યારે લાવા રૂપે તેનો પ્રકોપને કાબુમાં રાખવાનું મુશ્કેલ છે. ક્રોધી માણસ શાંત દેખાય ત્યારે તે ખરેખર શાંતિ અનુભવી રહ્યો છે તેમ સમજવું નહીં. કોઈપણ વ્યક્તિ બધો સમય સુધી ક્રોધમાં રહી શકે નહીં. પણ શાંત જણાતો એ વ્યક્તિ બહાનું મળતાં, કારણ મળતાં અંદરનો ક્રોધ ભભૂકી ઊઠે છે અને આજુબાજુના સંબંધિત વ્યક્તિઓને બાળીને ખાખ કરી દે છે. ક્રોધને આપણે દૂર કરી શકતા નથી. ક્રોધિત થયેલ વ્યક્તિ અંધ બની જાય છે. દિશાશૂન્ય બની જાય છે, મગજ વિહીન અને વિચાર શૂન્ય બની જાય છે. કોઈપણ વ્યક્તિ પોતે દુર્વાસા, ઋષિની જેમ ક્રોધી છે એ સ્વીકારી શકતો નથી. આપણે બીજાને ક્રોધી તરીકે જોઈ શકીએ છીએ. ક્રોધિત તરીકે તેને સ્વીકારી શકીએ છીએ પણ આપણે પોતાને ક્રોધિત તરીકે જોઈ સ્વીકારી શકતા નથી. આત્મનિરીક્ષણ કરી સ્વમાં જોઈ શકવા સમર્થ નથી.

કોઈને કહીએ કે શું કામ આટલા ગુસ્સે થાવ છો. ત્યારે તેનો જવાબ હોય છે કે હું ક્યાં ગુસ્સે થાઉં છું હું તો સાચી વાત કરી રહ્યો છું. જે હકીકત છે તેનું બ્યાન કરું છું. શું સાચું બોલવું પણ ગુનો છે? આમ આપણા વિચાર ઉગ્રતાપૂર્વક માંડીએ અસભ્ય ભાષા, અપશબ્દો બોલીને કહીએ એ પણ ક્રોધ છે. ભલે આપણે તેનો સ્વીકાર કરીએ કે નહીં.

દરેક ક્રોધિત વ્યક્તિને, અંદરથી ઉકળતા, પોતાના વિચારો ઉગ્રપણે માંડતા દરેકને પોતાની વાત સાચી લાગે છે. દરેક માણસ પોતાને સાચો અને સ્પષ્ટ વક્તા સમજે છે. તેને પોતાનો દોષ નજરે પડતો નથી. આપણા ક્રોધને આપણે પોતે સમજીએ, તેનો સ્વીકાર કરીએ અને બીજાઓનો પણ વિચાર કરીએ તો તેમાંથી બહાર નીકળવાનો સાચો અને સરળ માર્ગ મળી રહે છે.

ક્રોધની જેમ લોભનું પણ આવું જ છે. લોભી માણસને પોતાનો સ્વભાવ લોભી વૃતિ દેખાતી નથી. લોભ સુક્ષ્મ છે. તે બહાર દેખાતો નથી. તે મનની અંદર રહીને જ વિચારવૃતિ અને વ્યવહારમાં બહાર છલકે છે. ક્રોધની જેમ માન, માયા, કામ અને લોભએ અહંકારના ઈંધણ છે. મોટે ભાગે માણસ પાસે ધન દોલત વધતા જાય તેમ અહંકાર વધતો જાય છે. તેની સાથે લોભ પણ વધતો જાય છે. મળે એટલું ઓછું લાગે છે. ધન, દોલત અને ઐશ્વર્ય હોય તે છતાં નમ્ર રહે, કોઈપણ જાતનું અભિમાન રાખે નહીં અને બીજાને ઉપયોગી બને તે વ્યક્તિ ખરેખર મોટો છે. સ્વાર્થ અને લોભ માટે પણ કંઈક હોવું જરૂરી છે. ખાલી ખિસ્સે ગુમાન ચડતો નથી. લાલચ કે લોભને લીધે માણસ અંધ બની રહે છે. સ્વાર્થ આખરે હિંસામાં પણ પરિણામે છે. શાંત રહીને ક્રોધ કરી શકાતો નથી. એ માટે ઉકળવું પડે છે, ધગધગતા વિચાર, ઉગ્ર સ્વભાવ ધરાવવું પડે છે. શાંત અને સરળ રહેનાર ઉગ્રતા ધારણ કરી શકતો નથી. લોભ અને લાલચ માણસને વધુ પરિગ્રહી બનાવે છે. વધુને વધુ ભેગું કરતો રહે છે. કશું છૂટતું નથી. કદી કોઈને આપવાનું મન થાય તો પણ ખિસ્સામાંથી હાથ નીકળતો નથી. એટલે લોભી વ્યક્તિને ગમે તેટલું મળે તેને સંતોષ થતો નથી અને સંતોષ ન થાય તો સુખ પણ મળતો નથી.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



શીઘ્રકવિ, શાસન સમ્રાટ્, ભારત દિવાકર
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રીગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
સળંગ ૫૩મા વર્ષિતપારાધક તપચક્ર ચક્રવર્તિ,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
કલ્પવૃક્ષ, જેના ફળો જ દીપક જેવા હોય...જ્યાં જ્યોતિરંગ – કલ્પવૃક્ષ ન હોય ત્યાં દીપાંગના ફળો પ્રકાશ રેલાવે છે. જેવી રીતે ભોંયરામાં, ગુફામાં જ્યાં સૂર્યના કિરણો ન પહોંચી શકે, ત્યાં દીપક પ્રકાશ પાથરે છે..બસ એવી જ રીતે જે કાળમાં જિનેશ્વર પરમાત્માનો વિરહ હોય તે કાળમાં આચાર્ય ભગવંત એમનું કાર્ય કરતા હોય છે...જિનેશ્વર પરમાત્મા જો સૂર્ય છે... તો આચાર્ય ભગવંત દીપક છે... ગુરૂદેવ ! અમારા અંતરના અવાવરૂ પડેલા ઓરડામાં દીપક બનીને આવો.. અનાદિના અંધકારને દૂર કરી અમારા અંતરને અજવાળો...
અચલગચ્છાધિપતિ, રાજસ્થાન દિપક,
સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને
૭૦મા જન્મોત્સવના કોટી કોટી વંદન
એડ. મીનલબેન ભરતભાઈ ખોના
ગામ : કચ્છ-સુથરી, હાલ : નવી મુંબઈ
Chairperson of KDO National Women Empowerment Committee, Shri Samast KDO Jain Mahajan
Director in charge of JITO PROFESSIONAL FORUM - JITO APEX



# અચલગચ્છાધિપતિ
# પરમ પૂજ્ય આ.ભ.
# શ્રી કલાપ્રભસાગરસૂરિજી મ.સા.



પૂજ્યશ્રીની કાયા છે ભલે વામન
પણ જેમનું હૃદય છે વિરાટ
એવા સૂરિજીના
૭૦મા જન્મદિવસના
પાવન દિને ચરણોમાં વંદના

સહ ગચ્છાધિપતિના પાવન
હસ્તકમળોથી વિશેષમાં વિશેષ
ગચ્છ-ગુરુ-શાસનનું નામ
રોશન થાય એવા કાર્યોની
હારમાળાઓ થાય એ જ શુભકામના.

કોટી કોટી
નતમસ્તક
વંદન

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ

સાહિત્ય દિવાકર,
અચલગચ્છ નાયક,
પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી
મહારાજ સાહેબને

## ૭૦ જન્મદિવસની
## ખુબ ખુબ વધાઈ



પૂ ગુરુદેવ! આપને પરમાત્મા અનંત શક્તિ પ્રદાન કરે.
આપ ગચ્છનાં સિતારા બની ઝળહળતા રહો
અને આપના આશિષની અમીવર્ષા અમપર વરસાવો એજ અમારા અંતરની નમ્ર પ્રાર્થના....જે શ્વાસ અને ઉચ્છવાસમાં અરિહંત અંતરમાં ધરે, વાણી સુધાથી ભવિકમાં અરિહંત રસ હૃદયે ધરે, મન મંદિરે અરિહંત દયાને આત્મા નિર્મલ કરે, કલાપ્રભસાગરસૂરીશ્વરજીના ચરણમાં હોજો અમારા વંદન.

**પકંજ કેશવજી ધરમશી, રંગપુર (હાલ-મુલુંડ)**

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન આયોજિત સ્નેહમિલનમાં પધારવાનું ભાવસભર નિમંત્રણ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન તથા શ્રી રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટના ઉપક્રમે તા.૮ જાન્યુઆરી ૨૦૨૩ સવારના ૯ કલાકથી પરમ કેશવ બાગ (એસી હોલ) નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ) મધ્યે સ્નેહમિલનનું આયોજન કરાયું છે. જેમાં ભારતભરમાં વસતા જખૌ ગામવાસીઓ અને નિયાણી બહેનોને સહપરિવાર સાથે પધારવાનું આગોતરૂં આમંત્રણ છે.

કાર્યક્રમમાં બપોરનું જમણ, ચા-કોફી તેમજ ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

સ્નેહમિલનના કાર્યક્રમની રૂપરેખામાં ગણેશ વંદના અને નવકાર મંત્રના સુંદર નૃત્ય દ્વારા ૨૭ વરસી તપના આરાધક એવા નરેન્દ્રભાઈ નંદુ અને એમની ટીમ સંગીત સાથે પોતાની અમૃત વાણી દ્વારા અષ્ટપ્રકારી પૂજા સામગ્રી, ધ્વજાના ચડાવા તેમજ તા.૨૩-૨૪ તથા ૨૫ ડિસેમ્બર ૨૦૨૩ના મહોત્સવ ચડાવા તથા અન્ય ચડાવા બોલાવામાં આવશે. જેને ઉદાર દિલે વધાવજો.

બપોર પછી ડીજેના તાલે, ઢોલ શરણાઈ ના સૂરે ભાઈઓ અને બહેનાને પારંપારિક વસ્ત્રો પરિધાન કરીને, તાળીઓના તાલે દાંડિયા રાસની રમઝટ માણવા તૈયાર થઈ જશો. રાસ ગરબા, દાંડિયા રાસમાં સુંદર પારંપારિક ડ્રેસ પરિધાન કરીને પધારવા વિનંતી કરાઈ છે. સાથે સાથે વય ગ્રુપ પ્રમાણે બેસ્ટ ડ્રેસ, બેસ્ટ કપલ, બેસ્ટ પ્લેયર તેમજ અન્ય ઈનામોની હારમાળા.

● સ્ટેજ પ્રોગ્રામ ફક્ત બહેનો માટે ● સ્ટેજ પ્રોગ્રામ દાંડિયા-રાસ ભાઈઓ અને બહેનો ● સ્ટેજ પ્રોગ્રામ મટુકડી તથા ઢોલ રાંધ.

નોંધ : કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિની ગરિમાને માણવા પારંપારિક વસ્ત્રો પહેરી આવવા વિનંતી.

સાંસ્કૃતિક કાર્યક્રમનો સમય બબોરે ૨.૩૦ થી સાંજે ૬.૩૦ કલાક સુધી

નિમંત્રક શ્રી કદઓ જૈન મહાજન જખૌ અને ટ્રસ્ટ વતી મેનેજીંગ ટ્રસ્ટી હરીશ દામજી ધરમશી, પ્રમુખ રાયચંદ દેવશી જીવાણી, માનદ મંત્રીઓ જયંતિલાલ દેવશી મૈશેરી-૯૮૧૯૭૪૮૨૫૦, તરૂણ હંસરાજ નાગડા-૯૦૨૨૬૧૯૩૯૧ તથા ખજાનચી અજય શિયાલ-૯૮૧૯૯૮૯૨૭૧.

# ડુમરા નગરે પરમ પૂજ્ય આ.ભ. શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની પધરામણી થઈ

તા.૭ ડિસેમ્બર બુધવારના દિને ડુમરાની ધન્ય ધરા પર શ્રી ચંદ્રપ્રભ દાદાના સાંનિધ્યમાં પ.પૂ. આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. ૧૬૯મી ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે નિશ્રાર્થે હર્ષોલ્લાસ સાથે પ્રવેશ કર્યો. પૂજ્ય સાહેબનું સંઘના ભાવિક ભાઈ બહેનો ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું.



સાહિત્ય દિવાકર, રાજસ્થાન દિપક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

# શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ને

# ૭૦મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છા...



૭૦માં જન્મોત્સવના પાવન પ્રસંગે
પૂજ્ય ગુરૂદેવના ચરણે અનંતશઃ વંદના !!

ગુરૂરાજાના પુણ્ય પ્રતાપને, કોઈ અમે સહુ ભાવથી,
મસ્તક ઝુકાવીને અમે, ભરતા જ ઝોળી પુણ્યની,
પુણ્ય પ્રતાપી ગુરૂદેવને, અમે નમીએ લળી લળી,
વંદન કરીએ ગુરૂદેવને, ગુરુરાજને હિયડે ધરી...
જેનું સ્મરણ કરતાં મંગલ બધા આવી મળે,
દર્શન કરો તમે ભાવથી દુઃખદુરિત સઘળાં દૂર ટળે,
વંદન પૂજન જસ કાજ કરતાં સિદ્ધિઓ ક્ષણમાં ફળે,
સૂરિરાજ કલાપ્રભસુરિગરૂને ભાવથી કરીએ વંદના...

**પ્રભુ કૃપા સે ગુરૂ મિલે...**
**ગુરૂ કૃપા સે પ્રભુ મિલે...**

## ભરત લક્ષ્મીચંદ ધનજી ધરમશી પરિવાર - હુબલી



પરમધર્મની કેવી પાવન પરંપરા,
ક્રમે ક્રમે સંભળાય ગચ્છ ગુરુધુરા,
સદા સર્વત્ર શાસનપ્રભાવના સૂરા,
કલાપ્રભસાગરસૂરિ સૌને લાગે મધુરા...

સંઘ કૌશલ્યધાર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્યદેવ

## શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

## ૭૦મા જન્મદિવસે

શત શત શુભકામના અર્પીએ થાળ,
કોટીશઃ વંદના... લેવા આતમની સંભાળ...

## કોટી કોટી વંદના

# ભૂમિ રોડલાઈન્સ

**માતુશ્રી કાંતાબેન ઠાકરશી લોડાયા પરિવાર,**
**જયેશ ઠાકરશી લોડાયા,**
પરજાઉ-અમદાવાદ

|| ચરમ શાસનપતિ શ્રી મહાવીર સ્વામીને નમો નમઃ ||



|| શ્રી ગુણસાગરસૂરિગુરુવે નમઃ ||



|| શ્રી ગુણોદયસાગરસૂરિગુરુવે નમઃ ||



સાહિત્ય દિવાકર અચલગચ્છનાયક આચાર્ય ભગવંત પરમપૂજ્ય

# શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને

# '૭૦' મા જન્મદિવસની

# ખુબ ખુબ શુભકામનાઓ

આપની અમિદ્રષ્ટિથી... શાસન... ગચ્છ... અચલગચ્છીય સંઘો...
સમાજ... મહાજનો.. તપ... જપ...ની ધર્મમય આરાધનાઓમાં
પ્રગતિ... વિકાસ... ઉન્નતિ...ના શિખરો સર કરે...
બાળકો ધર્મમય અભ્યાસમાં આગળ વધે...
એવા 'આશિર્વાદ'... 'સૂરિરાજ'... 'ગુરુદેવ'!... વરસાવતા રહેજો...

'જય જય સૂરિરાજ'

'જય જય ગુરુદેવ'

## પુનમચંદ લક્ષ્મીચંદ ધરમશી (હુબલી)

# પ.પૂ.ગણિવર્ય રાજરત્નસાગરજી મ.સા.નો સંયમ જીવનના ૪૮ વર્ષમાં પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૩૨ માગસર સુદ ૧૨ તિથિએ તા.૧૫ ડિસેમ્બર ૧૯૭૫ના રાપરગઢવાલીના માતુશ્રી મણિબેન મૂરજી કેશવજી લોડાયા પીરના સંસ્કારથી સમૃધ્ધ, ધર્મપ્રેમી પુત્ર સંયમ ભાવની ભાવનાથી રંગાઈ કુમળી બાળ વયે ૭ વર્ષની ઉંમરે દેવપુરમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી અને ગુરૂ પ.પૂ. આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય બની. પ.પૂ.શ્રી ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. તરીકે ઓળખ પામ્યા. પૂજ્ય મહારાજ સાહેબ અગણિત ભક્તોનું ધર્મ, તપ, ત્યાગ દ્વારા આત્મકલ્યાણ કરી આજે વિક્રમ સંવત ૨૦૭૯ના માગસર સુદ ૧૨ તિથિ દિને સકલપણે સંયમ જીવનના ૪૭ વર્ષ પરિપૂર્ણ કરી શુકનવંતા ૪૮મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. સાહેબનું આગામી સંયમ જીવન આધ્યાત્મિક રીતે અદ્દભૂત ધર્મ અને ધ્યાનમય રહે એ મંગલકામના અને ભાવના.

# પૂજ્ય સાધ્વી મહારાજ સાહેબોનો પાલીતાણા તીર્થે શાતા પૂર્વક પ્રવેશ થયો

પ.પૂ.સાધ્વીશ્રી તીર્થ ગુણાશ્રીજી મ.સા. આદિઠાણા, પ.પૂ.સાધ્વીશ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા. પ.પૂ.સાધ્વીશ્રી તારક ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા, પ.પૂ.સાધ્વીશ્રી કીર્તનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા તા.૮ ડિસેમ્બર ગુરૂવારના દિને પાલીતાણા તીર્થે સુખ શાંતાપૂર્વક પ્રવેશ કરેલ છે. સર્વે શાતામાં છે.

# પ.પૂ.સાધ્વી મહારાજ સાહેબ આદિઠાણા ૪ના વિહાર સમાચાર

પ.પૂ.સાધ્વીશ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ કચ્છથી વિહાર કરીને શ્રી શંખેશ્વર તીર્થે સુખ શાતાપૂર્વક પધારેલ છે. અત્રે થોડા દિવસ મઠુબાપા કચ્છી ભવનમાં સ્થિરતા રહેશે.


૭૦મા જન્મોત્સવ દિનની
ખુબ ખુબ વંદના
અચલગચ્છની ગરિમાને ઉન્નત રાખનાર,
શાસન શાન વધારનારા
ગચ્છાધિપતિ પદની ગરિમાને શોભિત કરી
સંયમ રૂપીસુમનને મહેકાવનારા
જિનશાસન શિરતાજ, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી
મ.સા.ને શુભકામના





શુભેચ્છક : શ્રીમતી હંસા ગિરીશ લોડાયા (રવા-ડોંબિવલી)
કુ. રિત્વી - ધર્મિતા અનુજ લોડાયા



સૌમ્ય સ્વભાવી, લાગણીથી ભરપુર આપના
વચન, જીવદયા-કરૂણા વરસાવતા આપના નયન
અચલગચ્છના શણગાર,અનેક તીર્થોના તારણહાર
પ.પૂ. ગુરૂદેવ શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ને
૭૦મા જન્મદિવસે અનંત અનંત શુભેચ્છાઓ...
કોટી કોટી વંદના...
શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ,
દલતુંગી


ઓ ગુરૂદેવ!
આપ જીયો હજારો સાલ...
સાલ કે દિન હો
પચાસ હજાર...
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
૭૦મા જન્મદિને
શત શત શુભકામના
કોટી કોટી
નતમસ્તક વંદન
શ્રી દામજી શામજી પોલડીયા પરિવાર
ગોયરસમા ફેઝપુર-ભૂસાવલ-નાસીક


પ.પૂ.આ.ભ.શ્રી
કલાપ્રભસાગરસૂરિજી મ.સા. ને
૭૦ જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છા
જેઓ સદાય છે તત્ત્વભાજા
જેઓને બાલ્યવયથી ગમ્યા ગુરુરાજા
જેઓની ઉત્સાહવર્ધક કાર્યશક્તિએ વાગ્યા છે શાસનના વાજાં
જેઓની વાત્સલ્યતાની ભીનાશમાં ભીંજાયા છે. સંઘો અને ભક્તજનો ઝાઝાં
જેઓ સદાયના યુવાન બની શાસન-ગચ્છ-ગુરુ માટે દોડ્યા છે.
જેઓ સદાય ગુરુદેવ ગુણસાગરસૂરિરાજના પડ્યા બોલ ઝીલનારા વિનયી બન્યા છે.
જેઓ સદાય ગુરુ ગુણના વિરાટ સ્વપ્નોને પૂર્ણ કરવા થનગની રહેલા છે.
જેઓ અચલગચ્છના વિરાટ ઈતિહાસને પ્રકાશમાં લાવી અચલગચ્છની ગરિમા વધારી છે.
જેઓ વડિલ ગુરુભ્રાતા ગુણોદયસાગરસૂરિજીના હૈયે વસ્યા છે.
પ્રજેશ વીરચંદ નાગડા
નારાયણજી કાનજી એન્ડ કંપની, કેશવાપુર - હુબલી, કર્ણાટકા

# પ.પૂ.મુનિરાજશ્રી ગોયમોદયસાગરજી મ.સા.નો સંયમ પથના ૪થા વર્ષમાં પ્રવેશ



માગસર સુદ ૧૨ વિક્રમ સંવત ૨૦૭૬ના દિને સુથરીના માવિત્ર માતુશ્રી દીનાબેન નરીશ લોડાયાના ધર્મ ભાવથી રંગાયેલા લાડકા દીકરા સુથરી ગામે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ.મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.ના શિષ્ય પ.પૂ.મુનિરાજ શ્રી ગોયમોદયસાગરજી મ.સા. તરીકે ઓળખાયા. વિક્રમ સંવત ૨૦૭૯ના માગસર સુદ ૧૨ તિથિએ પૂજ્ય સાહેબ એ સંયમ જીવનના ત્રણ વર્ષ પરિપૂર્ણ કરી ચોથા વર્ષમાં શુભ મંગલ પ્રવેશ કર્યો છે. આગામી વર્ષો ધર્મ, ધ્યાન, તપ, આરાધના કરી રજત, સુવર્ણ, હીરક વર્ષ વળોટી સુવર્ણ વર્ષ શિખરે પહોંચે એ શુભ ભાવના સહવંદના.

# તિરૂપુરના શ્રી સુવિધિનાથ દાદાની ૩૭મી વર્ષગાંઠ ધામધૂમથી ઉજવાઈ

દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યના તિરૂપુર નગરના શ્રી સુવિધિનાથ દાદાની ૩૭મી વર્ષગાંઠ મૌન એકાદશી દિન શનિવાર તા.૩ ડિસેમ્બરના ધામધૂમથી ઉજવામાં આવી.

સવારના ૧૦ વાગે સતરભેદી પૂજા, ૧૧.૧૫ કલાકે ધ્વજા ચડાવામાં આવી. ધ્વજા ચડાવાના લાભાર્થી માતુશ્રી ચંદ્રિકાબેન મહેશભાઈ શાહ પરિવારે લીધેલ. સંઘના ધર્મપ્રેમી ભાવિક ભાઈ બહેનો ઉત્સાહથી ભાગ લીધેલ. શ્રી સંઘ તરફથી પ્રભાવના કરાઈ. સર્વે ટ્રસ્ટીશ્રી હાજર રહી કાર્યક્રમની તૈયારી કરેલ.








સંઘ-ગચ્છ-હિતચિંતક, સાહિત્ય દિવાકર, સૌમ્યમૂર્તિ-દુર્ગાપુર રત્ન
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને
૭૦મા જન્મદિને મંગલમય શુભકામના....
દક્ષિણ ભારત શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન એકમ
પદાધિકારીઓ, કારોબારી સભ્યો અને જ્ઞાતિજનો


રાષ્ટ્રસંત, પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી
મહારાજાના પરમ વિનયી શિષ્યરત્ન
સાહિત્યદિવાકર, રાજસ્થાન-દક્ષિણ દિપક,
અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
પૂજ્ય ગુરૂદેવને
૭૦મા જન્મોત્સવના અભિવાદન
અભિવંદના સહ અંતરભીના અભિનંદન
કીર્તિ ધનજી ધરમશી (બેંગ્લોર)
Deluxe logistics Pvt. Ltd
www.deluxelogistics.in || Info@deluxelogistics.in



સાહિત્ય દિવાકર, રાજસ્થાન-દક્ષિણ દિપક, અચલગચ્છાધિપતિ,

ગુરુગુણસિંધુસૂરિ પટ્ટધર

## પ.પૂ.આ.ભ. શ્રીકલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના

## માગસર વદ ૦૨ શુક્રવાર તા.૦૯ ૧૨.૨૨ ના

## ૭૦મા જન્મદિવસ ના પાવન દિવસ ની

## માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા, સુથરી

પરિવાર ની હાર્દિક શુભેચ્છાઓ..... વધાઈ..... સહ કોટી કોટી વંદના !

પરમકૃપાળુ પરમાત્મા આપશ્રી નું સ્વાસ્થ્ય દિર્ગાયુ આપે અને આપના હાથે વધુ ને વધુ જિનશાસન - સંઘ ના ઉધ્ધાર અને ઉન્નતિના કાર્યો થાય એજ મંગલમય હાર્દિક શુભકામનાઓ!

# શ્રી ક.દ.ઓ.જીવીસી સંઘમાં જિનભક્તિ મહોત્સવ આમંત્રણ પત્રિકા પર કંકુ છાંટણા કાર્યક્રમ યોજાયો





શ્રી કચ્છી દશા ઓસવાલ ઘાટકોપર વિદ્યાવિહાર ચેમ્બુર જીવીસી જૈન સંઘના ઉપક્રમે શ્રી શંત્રુજ્ય મહાતીર્થની ભૂમિ પર શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિજનોની ગૌરવવંતી શેઠ શ્રી નરશીનાથા જૈન ધર્મ શાળાના પ્રાંગણે શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલય સપાદ શતાબ્દી મહોત્સવ સહ ૧૨૭મી સાલગિરાહના પ્રસંગે અનંત લબ્ધિ નિધાન ગણધર શ્રી ગૌતમ સ્વામીજી ભગવંત એવમ અચલગચ્છાધિષ્ઠાયિકા મહામાયા શ્રી મહાકાલિ માતા મૂર્તિ પ્રતિષ્ઠા, તપચક્રવર્તી જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રીમદ શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજાધિરાજના સંગેમરમર પાષાણ રત્નમાં દેવ વિમાન તુલ્ય ભવ્ય રમ્ય કલાત્મક નવનિર્મિત ગુરૂમંદિર પ્રતિષ્ઠા અવસરે પ.પૂ.શ્રી જગવલ્લભ મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી ક.દ.ઓ. ઘાટકોપર વિદ્યાવિહાર ચેમ્બુર જૈન સંઘના પ્રમુખ સમીર લક્ષ્મીચંદ નાગડા તેમજ તેમની ટીમ દ્વારા આયોજિત ત્રિદિવસીય જિનભક્તિ મહોત્સવ તા.૨૧, ૨૪ તથા ૨૫ જાન્યુ. ૨૦૨૩ની આમંત્રણ પત્રિકા પર કંકુછાંટણાનો કાર્યક્રમ સુંદર ભાવ સાથે ઉત્સાહ ઉમંગથી ઘાટકોપર મધે સંપન્ન થયો.







શ્રી સંઘમાં આનંદ મંગલ છાયો,
ગુરુ કલાપ્રભસાગરસૂરિનો જન્મોત્સવ આયો...
વાત્સલ્યથી ભરપૂર છે ગુરુ આપના વચન,
અવિરત કરુણાધારને વરસાવતા આપના નયન,
આપ થકી જ તરીશ હું શ્રદ્ધા છે આ જીવન,
ગુરુ તમારા ચરણમાં રહેવું છે અમારે આજીવન...



**અનેક તીર્થોના જીર્ણોદ્ધારક અને નવનિર્માણ કરનાર,**
**અચલગચ્છ શાસન શણગાર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.**

# શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના

# ૭૦મા જન્મોત્સવે સહસ્ર કોટિ વંદન...

**શુભેચ્છક : દિનેશ રામજી લોડાયા**


જેમ પૂનમના ચંદ્રમાનો પ્રભાવ સાગરમાં ભરતી લાવે છે
પારસમણિનો પ્રભાવ લોંખડને સુવર્ણમાં પલટાવે છે
એમ સંતનો પ્રભાવ અને સાંનિધ્ય શિષ્યોને શાતા બક્ષે છે
સાહિત્ય દિવાકર, સંઘ વત્સલ, સંઘ કૌશલ્યધાર,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ને
૭૦મા જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છા
માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી (મોટરવાલા) મોમાયા
સાયરા-માટુંગા
હસ્તે જયેશ વિજય મોમાયા

# જન્મદિવસની વધાઈ



પ.પૂ.આ.ભ.

શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી

મહારાજ સાહેબને

૭૦મા જન્મદિને આપને વધાઈ,

શાસન પ્રભાવનાઓ થાય આપની સવાઈ...

ચરણે વંદન હો વારંવાર,

કરજો સ્વીકાર અમ ભાવો ના ઉપહાર...

Emkay (SM)

Estd. 1985

**Consultancy Services**

YOUR OWN COMPLIANCE PARTNER

**Raychand Jiwani (Jain)**
**Labour Law Consultant**
**8779875109 / 9821046343**

- Provident Fund
- Bonus & Gratuity
- Professional Tax
- ESIC
- MLWF
- POSH
- Udyam (MSME)
- BOCW
- Contract Labour
- Compliance Audit
- Shops & Establishment
- Payroll & Due Diligence

**202, Shreeji Villa, Lohar Ali, Station Road, Opp.Sun Enterprise, Near Palkar House, Thane (West) - 400601.**

www. emkayconsultancy.in • info@emkayconsultancy.in

# શ્રી કદઓ જૈન મહાજન કુવાપધ્ધર દ્વારા નિર્મિત ગામ પ્રવેશદ્વારનું લોકાર્પણ થયું





અબડાસા પંથકના કુવાપધ્ધર ગામે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન કુવાપધ્ધર દ્વારા કુવાપધ્ધર ગામના પ્રવેશ દ્વારની કમાન બનાવી અપાયલ છે. જેનું નામકરણ ભલારાદાદા પ્રવેશ દ્વાર રખાયું છે. તા.૩ ડિસેમ્બર શનિવારના ગામના પ્રથમ નાગરિક સરપંચ સી.એમ.સોઢા અને ગામના વડીલ મોભી લાખુભા ભીમજી જાડેજાના વરદ હસ્તે ખૂલ્લો મુકાયો. આ પ્રસંગે કદઓ જ્ઞાતિ અગ્રણીએ સાથે ગામના સર્વે જ્ઞાતિઓના અગ્રણીઓ તેમજ ગામજનો હોંશભેર ઉપસ્થિત રહ્યાં હતાં.





# શ્રી વીરચંદ ધરમશીને ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન તરફથી લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત થયો









કચ્છ સુથરી-નેરૂલ નવી મુંબઈના શ્રી વીરચંદ કલ્યાણજી ધરમશી ઉ.વ.૮૫ને ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન તરફથી લાઈફ ટાઈમ એવોર્ડ સુપ્રસિધ્ધ ગીતકાર ગુલઝારના હસ્તે એનાયત કરાયો.

શ્રી વીરચંદ ધરમશી ભારતીય સાયલન્ટ સિનેમાના વિદ્વાન સંશોધનકર્તા અને ક્રમિક નોંધ રાખનાર ઈતિહાસકાર તરીકે વિશિષ્ટ યોગદાન આપવા બદલ એમને આ એવોર્ડ અર્પણ થયો છે. તદ્ઉપરાંત ભારતના પ્રથમ પુરાત્વવિદ આર્કિલોજિસ્ટ ભગવાન બાલ ઈન્દ્રજી વિષે સંશોધન કરી એમને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ કરવા માટે પણ એમનું વિશિષ્ટ યોગદાન છે.




અચલગચ્છની ગરિમાને વધારનારા, શાસન શાન વધારનારા,
ગચ્છાધિપતિ પદને શોભાવનારા, સંયમરૂપી સુમનની સુગંધને મહેકવનારા,
દર્શનની છડી... જ્ઞાનની મશાલ... ચારિત્રના જામા...
તપની માળા... આજુથી બાજુથી... નજર રાખો મહેરબાન...
પંચ મહાવ્રત ધારી... અષ્ટ પ્રવચન માતા આરાધક.. છત્રીસ ગુણાલંકૃત...
તપસ્વી સમ્રાટ...જિનશાસન શિરતાજ... વરીષ્ઠ આચાર્ય... અચલગચ્છાધિપતિ...

**પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને**
**૭૦મા જન્મદિવસની ઘણી ખમ્મા... ઘણી ખમ્મા...**

અનુમોદના

**માતુશ્રી દીમુબાઈ રાયશી પાશ્વીર મોતા પરિવાર**
**માતુશ્રી ગુણવંતીબાઈ ખીમજી મૈશેરી પરિવાર**
**રાયપુર**



# પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરજી મ.સા.

પામો નિરામયતા સદા, દીર્ઘાયુષ્યની કામના, વધારી રહ્યા છો આપ, શાસન-ગચ્છ-ગુરૂનામના... ગુરૂદેવના પગલે પગલે સતત આગે કદમની કુચ... ગુરૂદેવના કાર્યોની વણથંભી વણઝાર.... સુત્ર-બુઝથી સકલ સંઘના કાર્યો નું માર્ગદર્શન... જિનશાસન ગચ્છ પરંપરાના આચારમાર્ગનું સ્પર્શન... સંઘ ઉત્થાન માટે પોતાના જીવનના ૭૦-૭૦ વર્ષોની આહુતિ... માનવથી મહામાનવ બનવા કાજે... નર થી નારાયણ ભણી પ્રસ્થાન...

**૭૦મા જન્મદિને આપીએ અનંત વધાઈ**

**શાસન પ્રભાવનાઓ થાય આપ દ્વારા સવાઈ**

શ્રી સંઘ ઉધ્ધારક, પરમોપકારી ગુરૂદેવના અનહદ ઉપકારોની અનહદ અનુમોદના

## માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા

**ગામ - મોટી ખાવડી, હાલે - ઘાટકોપર**



સંઘ-ગચ્છહિતચિંતક, સાહિત્ય દિવાકર,
રાજસ્થાન દક્ષિણ દિપક
અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રી કલાપ્રભાગરસૂરીશ્વરજી મ.સા.ને
૭૦મા જન્મોત્સવે વંદના... શુભકામના...
માતુશ્રી મિઠીબાઈ મણિલાલ ખોના - સુથરી
સ્વ.અ.સૌ. સરોજ અને રાજેન્દ્ર મણીલાલ ખોના
કુ. રેખા મણીલાલ ખોના
અ.સૌ. હેમા અશ્વિન મણીલાલ ખોના
અ.સૌ. દર્શના ચંદ્રસેન દંડ

# કુવાપધ્ધર ગામે શ્રી ભલારાદાદા સ્થાનકે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો





કચ્છ પ્રદેશના અબડાસા તાલુકાના કુવાપધ્ધર ગામે શ્રી ભલારાદાદા સ્થાનકે ધ્વજારોહણનો કાર્યક્રમ ધર્મભાવ સાથે ભવ્ય રીતે ઉજવાયો.

# ભોપાલ સ્થિત સાહિત્યકાર સુધીરભાઈ મોતાના નવા હિંદી કાવ્ય સંગ્રહ કારાવાસ પ્રકાશન થયું

મૂળ વાંકુ હાલ ભોપાલ નિવાસી જાણીતા હિંદી કવિ અને સાહિત્યકાર સુધીર વાલજી મોતા રચિત નવું હિંદી કાવ્ય સંગ્રહ 'કારાવાસ' પ્રકાશિત થયું છે. આનું પ્રકાશન લખનૌની લોકોદય પ્રકાશને કર્યું છે. સુધીર મોતાનું આ આઠમું પુસ્તક છે. આ કાવ્ય સંગ્રહમાં કવિશ્રીએ કોરોના સમયકાળના અનુભવો આધારિત કાવ્યો છે. જે તત્સમયે વર્ષ ૨૦૨૦-૨૧માં લખાયા હતા. તેમનું થોડા મહિના અગાઉ મધ્યપ્રદેશ સરકારે સાહિત્ય ગૌરવ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.





# પ.પૂ.સાધ્વીશ્રી જય પ્રજ્ઞાશ્રીજી મ.સા.એ સંયમજીવનના ૩૫મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો



કચ્છ રાપર ગઢવાળીના માવિત્ર સોનબાઈ લખમશી દામજી લોડાયાના ધર્મ સંસ્કારના રંગથી રંગાયેલ પુત્રી સંયમ પથે વિચરણ કરવાનો સંકલ્પ કરી વિક્રમ સંવત ૨૦૪૫ના માગસર વદ ત્રીજના માટુંગા મધે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી અને ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ. સાધ્વીશ્રી જયપ્રજ્ઞાશ્રીજી મ.સા.ને નામે ઓળખ પામ્યા.

સંવત ૨૦૭૯ના માગસર વદ ૩ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના ૩૪ વર્ષ પરિપૂર્ણ કરી ૩૫મા વર્ષમાં પુનિત પગરણ માંડ્યા છે. તેમનો તપ, ત્યાગ આરાધના અને ધર્મનો જીવન સુવર્ણ થઈને શતક વર્ષની ટોચે બિરાજે એ કામના સહ પ્રાર્થના.

# અમારા પરિવારના પરમ ઉપકારીને ગુરૂભગવંતને જન્મદિનની શુભકામના...




70માં જન્મદિને આપે વધાઈ...
આપ દીર્ઘાયુ બની સંયમ સાધના
શાસન પ્રભાવના કરો સવાઈ...

સાવલા કુળમાં જન્મ લઈ
પ્રેમ-રતનના બન્યા લાડકવાયા....
શાસન સમ્રાટ ગુણસિંધુ ગુરૂરાજના
હૈયે આપ છવાયા...
તપચક્રવર્તી વડીલ ગુરૂબંધુના
શુભાશિષ સદૈવ પાયા...
અચલગચ્છની ઉન્નતિ માટે
અહોનિશ શાસનકાર્યો કરો સવાયા...

## અચલગચ્છાધિપતિ,
## સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.
# શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી
## મહારાજાને



## જન્મદિને અહોભાવથી
## વંદનમ્... અભિનંદનમ્... અભિવાદનમ્...

# જયમન લેરીન ખોના (પવઈ - સુજાપુર)







શીઘ્રકવિ, શાસન સમ્રાટ,
ભારત દિવાકર અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.



સળંગ ૫૩ મા વર્ષિતપારાધક
તપચક્ર ચક્રવર્તિ, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.



પામર તે પરમ બનાવવાનો અજબ કીમીયો ધરાવતા...
એવા સૂરિપદે બિરાજતા શાસનનાયક...
આપ બન્યા છો હવે અચલગચ્છેશ્વર...
વીર સુધર્મા પાટે, ગુરૂ ગુણસાગરસુરિવરે મહાન સુરપુંગવોની પરંપરામાં આગે બઢવા માટે
ઓ ગુરૂદેવ ! આપ દીર્ઘાયુ પામો...
શાસન-ગચ્છની વિશાળતાને ઓર સુવિશાલ બનાવનારા
સતત ઝંખતા ઓ સૂરિવર ! આપ નિરામય રહો...

**આપના ૭૦મા જન્મોત્સવે વિનવીયે**

આપ અચલગચ્છની શાન વધારનારા રહો એજ શુભકામના...
સકલ સંઘ કૌશલ્યાધાર, અચલગચ્છ શણગાર, અચલગચ્છાધિપતિ પ.પૂ આ.ભ.શ્રી

**કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના ચરણ કમલમાં કોટી કોટી વંદના...**

## જીતેન્દ્ર દેવજી ખોના - શશીકલા જીતેન્દ્ર ખોના, અમદાવાદ





શીઘ્રકવિ, શાસન સમ્રાટ, ભારત દિવાકર
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રીગુણસાગરસૂરીશ્વરજી મ.સા.



સળંગ ૫૩મા વર્ષિતપારાધક તપચક્ર ચક્રવર્તિ,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

શાસન સમ્રાટ, રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નું
સ્વીકાર્યું આપે 'શિષ્યત્વ'
જિન શાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તી,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નું મળ્યું આપને 'ભ્રાતૃત્વ'
ભવોદધી તરવા અનેક આત્માઓએ સ્વીકાર્યું આપનું 'ગુરૂત્વ'
હે! ગુરૂદેવ અનોખી શૈલીનું છે આપનું 'કાર્યત્વ'



# અચલગચ્છાધિપતિ
# પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
# શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
# ને ૭૦મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

**શરદ મોમાયા** ફુબલી **નીરવ મોમાયા**

**UDAY ROADLINES**
FLEET OWNERS & TRANSPORT CONTRACTORS

SMR
SHREE
**MANMOHAN** ROADLINES

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા
# આદિપુર બે દિવસીય મધ્યે સમૂહ લગ્નોત્સવની થઈ રહેલી ઉજવણી





શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજીત સમસ્ત જૈન સમાજના ૩૦માં સમુહલગ્નોત્સવ બે દિવસીય કાર્યક્રમનો આદિપુરના લીલાશા કુરીયા સ્થળે તા.૧૦ ડિસેમ્બર શનિવાર સવારે પ્રારંભ થયો હતો. આ સમૂહલગ્નમાં જૈન સમાજના ૧૩ યુગલો પ્રભુતામાં પગલા માંડશે. પ.પૂ.મુનિરાજશ્રી કંચનસાગરજી મ.સા., પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ની શુભપાવના નિશ્રામાં શ્રી શાંતિનાથ મહાપૂજન યોજાયું હતું. જેમાં વર-કન્યા સહ શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. વિધિ વિધાન વિધિકાર ધર્મેશ દેઢીયાએ જ્યારે સંગીતની રમઝટ કિશોર સંગાર એન્ડ પાર્ટીએ બોલાવેલ.

સવારે લગ્ન માંડવે પધારેલા વર-કન્યા પક્ષોનું શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા ઢોલ-શરણાઈના સૂરો સાથે સ્વાગત કરવામાં આવેલ.

બપોરે ધોતિયો આપવાની વિધિ, મહાકાળી માતાજીની ભાવના, તેમજ સાંજે ભલારાદાદા તથા ઘણીબાવાનો પાઠ યોજાયા હતા. રવિવાર, તા.૧૧ ડિસેમ્બર સવારે ૭.૩૦ કલાકે 'કન્યાદાન એ મહાદાન' સાકાર કરતા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૮.૩૦ કલાકે વરરજાઓનો વરઘોડો, ૧૦.૧૫ કલાકે હસ્તમેળાપ, બપોરે ૧૨.૩૦ કલાકે સત્કાર અને અભિવાદન સમારોહ તથા બપોરે ૩.૩૦ વાગે વિદાયનો કાર્યક્રમો યોજાયા છે. સમૂહ લગ્નના મુખ્ય દાતાશ્રીનો લાભ માતુશ્રી ભારતીબેન ભાગચંદ દામજી જૈન પરિવાર, કોઠારા-મુલુંડવાલાએ લીધેલ છે.

સમૂહલગ્નના સહાયક દાતાશ્રીઓના લાભ માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ સાંધવ, લક્ષ્મીબેન ભવાનજી લોડાયા-નલિયા, રસીલાબેન માણેકજી લોડાયા-સાંધવ, નિર્મલાબેન જગદીશ ધરમશી-તેરા, હંસાબેન હીરાચંદ પટેલ-બાંઢીયા, નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા-સાંધવ, કંચનબેન ગુલાબચંદ નાગડા-રંગપુર, કસ્તુરબેન નાનજી નાગડા-નરેડી, મણીબેન પોપટલાલ પાસડ-દેઢિયા, ધનલક્ષ્મીબેન ખુશાલ મૈશેરી-નાની સિંધોડી, જમકુબાઈ લાલજી પટેલ-સાંધવ, જયવંતીબાઈ લાલજી દંડ-પરજાઉ પરિવારોએ લીધેલ છે.

કન્યાદાનના મુખ્ય દાતાશ્રીનો લાભ માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા પરિવાર વારાપધ્ધર-વાપી, જ્યારે કન્યાદાનના સહયોગી દાતાશ્રીનો લાભ શ્રીમતી નવલબેન ભાણજી માણેક પાસડ, શેરડી-મુલુંડ પરિવારે લીધેલ છે.

બે દિવસીય સમૂહ લગ્નોત્સવનો પ્રસંગ માણવા જ્ઞાતિના આગેવાનો, અતિથિઓ પણ આ અવસરે પધાર્યા છે.

કન્યાદાનમાં ગ્રુપના પદાધિકારીઓ તથા સર્વ સભ્યશ્રીઓએ લાભ લીધેલ છે. ગ્રુપ દ્વારા દરવર્ષે ડિસેમ્બર માસમાં સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવે છે. આદિપુર લીલાશા કુરીયા મધ્યે આ વર્ષે ૩૦માં સમૂહલગ્નોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈન, ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ, પ્રવીણ લોડાયાના માર્ગદર્શન હેઠળ સમૂહલગ્નના આયોજનને ગ્રુપના સર્વે કાર્યકર ભાઈ-બહેનો સફળ બનાવી રહ્યા છે.






॥ જીવેત શરદઃ શતમ્ ॥
અચલગચ્છાધિપતિ ગુરુદેવ આચાર્ય ભગવંત
પ.પૂ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના
મન, કર્મ, વચન ભાવના આશીષ સંઘ-ગચ્છ પર અનંત
વરસતા રહે એજ મંગલકામના સાથે
૭૦મા વર્ષગાંઠના વધામણા
શુભેચ્છક
श्री उत्तर भारत कच्छी दशा ओशवाल जैन एकम-रायपुर



પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રી ગુણસાગરસૂરિશ્વરજી
મ.સા.ના કૃપા પાત્ર
પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી
મ.સા.ના પટ્ટધર પરમ
અચલગચ્છ શણગાર, અચલગચ્છાધિપતિ,
સાહિત્ય દિવાકર, પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને
૭૦મા જન્મોત્સવે અગણિત વંદના...
આપના જન્મદિનના સપરમા દહાડે, આપને ખૂબ વધાઈઓ સહ વંદન..
આપના તંદુરસ્તમય દીર્ઘાયુ માટે વીર પ્રભુને અંતરના ઓવારેથી પ્રાર્થના...
અમારા સંઘના પરમોપકારી ગુરુદેવ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ને
૭૦મા જન્મદિન નિમિત્તે અમારા સંઘના રોમેરોમ હર્ષાન્વિત થયા છે.
SHRI K.D.O. JAIN GNATI MAHAJAN
KUTCH
BANGALORE
REG:568/99-2000
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - બેંગલોર



સાહિત્ય દિવાકર

શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.

રાજસ્થાન દિપક,

અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ.

# શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ ને ૭૦મા જન્મોત્સવે અગણિત વંદના...

પ્રભુ આજ્ઞાને વફાદારીપૂર્વક પાળનારા અને પળાવનારા વીરના એ વંશ છે...
સમુદાયનું ગૌરવ વધારનારા, એ અચલગચ્છના અંશ છે...
ચાહે લાખ મુસીબત હો, સદા અખંડ જેમના ઉત્સાહ અને ઉમંગ છે..
જિનશાસનના માનસરોવરમાં પ્રભુ કૃપાના મોતી ચરતા એ તો રાજહંસ છે.
આપ શતાયુ બની આપની કૃપાદ્રષ્ટિસમસ્ત અચલગચ્છ સમાજ પર વરસાવતા રહો
અને આપ દ્વારા સમસ્ત અચલગચ્છ સંઘની
ઉત્તરોત્તર ઉન્નતિ થતી રહો એજ અભ્યર્થના...

કોટી કોટી વંદના

